**<u>આંક – ૧ લગત હુકમ</u>**

હાલની દરખાસ્તના કામે રેકર્ડ જોતા આ દરખાસ્ત જુની અને લાંબા સમય થી પેન્ડીંગ છે. વધુમાં આ કામે રેકર્ડ જોતા દરખાસ્ત દેણદારને કોર્ટ દ્વારા પ્રથમ નોટીસ કાઢતા વિજ કંપની ના કર્મચારીને સાથે રાખી તે બેલીફ દ્વારા વગર બજે ના શેરા સાથે પરત આવેલ છે. ત્યારબાદ આજદિન સુધી ઘણા સમય થી આ કામે દેણદારના સરનામુ રજુ થવા મુલત્વી રાખવામાં આવેલ છે.

આમ, આ કામે રેકર્ડ જોતા છેલ્લા લાંબા સમય થી દરખાસ્ત લેણદાર દ્વારા આ દરખાસ્તના કામે કોઈ આગળની કાર્યવાહી કરવામાં ન આવતી હોય તથા દરખાસ્ત લેણદાર કે તેમના વિ.વ.શ્રી દેણદારનુ નવુ સરનામુ રજુ કરવામાં નિષ્ફળ રહેલ છે તેવુ માનવાને કારણ રહે છે તથા આજરોજ દરખાસ્ત લેણદારના વિ.વ.શ્રી હાજર છે તેમણે મૌખીક વધુ મુદ્દતની માંગણી કરેલ હોય પંરતુ આ દરખાસ્ત ખુબ જ જુની હોય વધુ મુદ્દત આપવી યોગ્ય જણાતી નથી ત્યારે સી.પી.સી.ની જોગવાઈઓ ધ્યાને લઈ આંક-૧ લગતનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

હાલની દરખાસ્ત ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૩/૦૧/૨૦૨૫
રાજકોટ.

( સી. પી. ચારણ)
જજ
સ્મોલ કોઝ કોર્ટ
રાજકોટ.
( UID - 01483 )